મે. વંથલીના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાંા મુ. વંથલી.

ફો.કેસ નં. ૧૬૨/૨૦૨૬

આંક–૫

શ્રી સરકાર ..........................ફરીયાદી.

વિરુધ્ધ.

અનવરભાઈ લતીફભાઈ મોરી , ઉ.વ.૨૦,

રહે. સાંતલપુરધાર,વંથલી.

..........................આરોપી

ગુનો :–બી. એન. એસ. ની કલમ–૨૮૧ મુજબ.

**ઠ રા વ**

આરોપીની ગુના અંગેની કબુલાતની પુરસીસ તથા આરોપીની પ્લી અને કેસની હકીકત વંચાણે લીધી. આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરી કબુલાત પુરશીસ રજુ કરેલ છે તથા આરોપીને ગુન્હા અંગેની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતાં આરોપીએ ગુન્હો કબુલ મંજુર રાખેલ છે. આમ તમામ હકીકત તથા સં જોગો લક્ષે લેતા આરોપી સામેનો બી. એન. એસ. ની કલમ–૨૮૧ મુજબનો ગુનો હું પુરવાર થયેલો ગણુ છું. આરોપી તરફે થયેલ રજુઆત ધ્યાને લઈ તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ ક મ**

આ કામના આરોપીને બી. એન. એસ. એસ. ની કલમ–૨૫૨ અન્વયે બી. એન. એસ. ની કલમ–૨૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને કુલ રૂા.૨૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ અને દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરું છું.

આ હુકમ આજ તારીખઃ ૧૪ મી માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી–સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુ.વંથલી.

તા.૧૪/૦૩/૨૦૨૬

(અનુભવ પાંડે)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વંથલી.

Code No.GJ01133